**બાળ કેસ નં.૬૭/૨૦૨૪**

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૯/૦૯/૨૦૨૪ | | |
| રજી. નોંધ્યા તા. | ૦૯/૦૯/૨૦૨૪ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૨૪/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

सत्यमेव जयते

**મોડાસા ના મહેરબાન. પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ**

**મુકામ–:મોડાસા.**

**જુ. ફો. કેસ નં.૬૭/૨૦૨૪**
**આંક:–**

શ્રી સરકાર :::::::::: :::::::::: **ફરીયાદી.**

**વિરુધ્ધ**

કા.સં.આ.બાળક ........ યોગેશ(જુવેનાઇલની ઓલખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)

:::::::::: **કાયદાના સંઘર્ષમા આવનાર બાળક.**

**ગુન્હો :: ઈ.પી.કો. કલમ: ૧૪૩,૧૪૭,૧૪૯,૩૫૪(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ ૧૨ મુજબ**

| | |
|---|---|
| શ્રી સરકાર તરફે | : વિ.એ.પી.પી.શ્રી.એસ.આર.પટેલ |
| કાયદાના સંઘર્ષમા આવનાર બાળક તરફે | : વિ. વ. શ્રી જે.જી.પ્રજાપતિ |

**–:: ચૂકાદો ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે,કોલમ નં.(૧) માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર એ ગઈ તા.૧૮/૦૧/૨૦૨૪ ના કલાક ૧૭/૦૦ વાગ્યાના સુમારે મોજે શ્રીમતી

સી.એમ.સુથાર હાઈસ્કૂલ ખાતે આ કામના આરોપી કોલમ નં(૨) માં જણાવેલ આરોપીઓ પૈકી આ.નં.૧૦,૦૯ તથા કોલમ નં બર–(૧) માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર એ રીતેના ઓએઆ કામના ફરી.ની ભાણેજ/ભોગ બનનાર સાહેદ નં.૬ તથા ફરી.ની દીકરી સાહેદ નં.૭ તથા ભત્રીજી સાહેદ નં .૮ નાઓ શાળા છૂટયા બાદ કંમ્પાઉન્ડમાંથી બહાર નીકળેલ તે વખતે કોલમ નં.(૨) માં જણાવેલ આ.નં.૧૦ નાએ ફરી.ની ભાણી/ભોગ બનનાર સાહેદ નં.૬ નાની સગીરવયની હોવાનું જાણવા છતા તેનો હાથ પકડી તું મારી સાથે ચાલ, તુ મારી સાથે બોલ, તેમ કહી છેડતી કરી જાતીય સતામણી કરી સાહેદ નં.૦૯ નાઓ સાહેદ નં.૬,૭,૮ નાઓને શાળાએ લેવા જતા સાહેદ નં.૬,૭,૮ નાઓએ ઉપરોકત બનાવની વાત કરતા આ બાબતે સાહેદ નં–૦૯ જયેન્દ્રસિંહ નાઓએ કોલમ નં.(૨) માં જણાવેલ આ.નં.૧૦ નાને ઠપકો કરતા આ.નં.૧૦ નો ઉશ્કેરાઈ જઈ આ.નં.૯ નાએ સાહેદ નં.૦૯ ને પકડી રાખી આ.નં.૧ ૦નાએ તેના હાથમાં પહેરેલ કડું સાહેદ નં.૧૦ ને માથામાં તથા કપાળના ભાગે ઈજાઓ કરી કોલમ નં.(૧)માં જણાવેલ કાયદાના સંઘર્ષમા આવેલ બાળ કિશોરે સાહેદ નં.૦૯ નાને છુટા હાથે મારામારી કરી જાનથી મારી નાખીવાની ધમકીઓ આપી જતા રહેલ ત્યારબાદ ઉપરોકત બનાવની જાણ સાહેદ નં.૭ નાએ સાહેદ નં.૧૦ ને કરતા તેઓ શાળાએ જતા હતા તે દરમ્યાન કોલમ નં .(૨)માં જણાવેલ આ.નં.૧૦,૦૯ તથા કોલમ નં.(૧)માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે તથા કોલમ નં

.(૨) માં જણાવેલ આ.નં.૧ થી ૮ નાઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી આવી જઈ કોલમ નં(૨) માં જણાવેલ આ.નં.૧ નાએ સાહેદ નં.૯ ના હાથ પકડી રાખી બીજા આરોપીએ છુટા હાથે મારામારી કરી ગડદાપાટુનો માર મારી સાહેદ નં.૧૦ આવી જતા આરોપીઓ તથા કોલમ નં.(૧)માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરનાઓ જતા રહેતા ફરી.તથા સાહેદ નં.૧૦,૧૧,૧૩ નાઓ કોલમ નં.(૨) માં જણાવેલ આ.નં.૧૦ ના ઘરે ઠપકો કરવા જતા આ.નં.૯,૨,૫ નાઓએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી **ઈ.પી.કો. કલમ: ૧૪૩,૧૪૭,૧ ૪૯,૩૫૪(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ ૧૨** વિગેરે મુજબનો ગુનો કરેલ હોય ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમા ઈન્સાફી કાર્યવાહી થવા સારૂં સદર કરવામાં આવેલ.

**(૨)** આ કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક ઉપર અત્રેની અદાલત તરફથી સમન્સ કરવામાં આવતા બોર્ડ સમક્ષ ઉપસ્થિત રહેતા તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી. આ કામે આંક–૦૫ થી કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક સામે પ્લી રેકર્ડ કરતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક ગુનાનો ઈનકાર કરતા ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામા આવેલ.

**(૩)** ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવાની વિગત**

**બાળ કેસ નં.૬૭/૨૦૨૪**

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| 1. | પં.સા. ભુપતસિંહ બબસિંહ પરમારની જુબાની | ૦૮ |
| 2. | ફરીયાદી.રમેશભાઈ કાંતિભાઈ મકવાણાની જુબાની | ૧૩ |
| 3. | સા.ભોગબનનારની જુબાની | ૧૫ |
| 4. | સા.અનસુયાબા રમેશસિંહ સોલંકીની જુબાની | ૧૬ |
| 5. | સા.સુરેશસિંહ બાપુસિંહ સોલંકીની જુબાની | ૧૭ |
| 6. | સા.નરેશસિંહ શંકરસિંહ સોલંકીની જુબાની | ૧૮ |
| 7. | સા.જયેન્દ્રસિંહ રમેશસિંહ સોલંકીની જુબાની | ૧૯ |
| 8. | સા.ગાયત્રીબા જશવંતસિંહ સોલંકીની જુબાની | ૨૦ |

**દસ્તાવેજી પુરાવાની વિગત**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| 1. | કા.સ.કીની પ્લી | ૦૫ |
| 2. | ફરિયાદ | ૧૪ |
| 3 | પંચનામુ | ૨૧ |
| 4 | ભોગબનનારનુ મેડિકલ સર્ટી | ૨૨ |
| 5 | કલોઝિંગ પુરસીસ | ૨૪ |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો જોતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક સામે પ્રથમ દર્શનીય કોઈ પુરાવો જણાઈ નહિ આવતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ નિવેદન લેવામાં આવેલ નથી ત્યારબાદ કોઈ પુખ્ત પુરાવો ન હોવાથી અને ફરિયાદ પક્ષ તરફે સાહેદ તપાસેલા ન હોવાથી સદર કામને જજમેન્ટ પર લેવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.આર.પટેલ તેમજ કા.સ.આ. બાળક

તર્ફે તેમના વિ. વકીલ શ્રી જે.જી.પ્રજાપતિ દ્વારા દલીલ કરવામાં આવે છે.

**(૫)** પક્ષકારો તર્ફે થયેલ રજૂઆત ધ્યાને લેતા કેસના ન્યાયિક નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-::મુદ્દા::-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે,કોલમ નં.(૧) માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર એ ગઈ તા.૧૮/૦૧/૨૦૨૪ ના કલાક ૧૭/૦૦ વાગ્યાના સુમારે મોજે શ્રીમતી સી.એમ.સુથાર હાઈસ્કૂલ ખાતે આ કામના આરોપી કોલમ નં(૨) માં જણાવેલ આરોપીઓ પૈકી આ.નં .૧૦,૦૯ તથા કોલમ નંબર-(૧) માં જણાવેલ કાયદાના સં ઘર્ષમાં આવેલ બાળ કિશોર એ રીતેના ઓએઆ કામના ફરી.ની ભાણેજ/ભોગ બનનાર સાહેદ નં.૬ તથા ફરી.ની દીકરી સાહેદ નં .૭ તથા ભત્રીજી સાહેદ નં.૮ નાઓ શાળા છૂટયા બાદ કં મ્પાઉન્ડમાંથી બહાર નીકળેલ તે વખતે કોલમ નં.(૨) માં જણાવેલ આ.નં.૧૦ નાએ ફરી.ની ભાણી/ભોગ બનનાર સાહેદ નં.૬ નાની સગીરવયની હોવાનું જાણવા છતા તેનો હાથ પકડી તું મારી સાથે ચાલ, તુ મારી સાથે બોલ, તેમ કહી છેડતી કરી જાતીય સતામણી કરી સાહેદ નં.૦૯ નાઓ સાહેદ નં .૬,૭,૮ નાઓને શાળાએ લેવા જતા સાહેદ નં .૬,૭,૮ નાઓએ ઉપરોકત બનાવની વાત કરતા આ બાબતે સાહેદ નં-૦૯ જયેન્દ્રસિંહ નાઓએ કોલમ નં.(૨) માં

જણાવેલ આ.નં.૧૦ નાને ઠપકો કરતા આ.નં.૧૦ નો ઉશ્કેરાઈ જઈ આ.નં.૯ નાએ સાહેદ નં.૦૯ ને પકડી રાખી આ.નં.૧ ૦નાએ તેના હાથમાં પહેરેલ કડું સાહેદ નં.૧૦ ને માથામાં તથા કપાળના ભાગે ઈજાઓ કરી કોલમ નં.(૧)માં જણાવેલ કાયદાના સંઘર્ષમા આવેલ બાળ કિશોરે સાહેદ નં.૦૯ નાને છુટા હાથે મારામારી કરી જાનથી મારી નાખીવાની ધમકીઓ આપી જતા રહેલ ત્યારબાદ ઉપરોકત બનાવની જાણ સાહેદ નં.૭ નાએ સાહેદ નં.૧૦ ને કરતા તેઓ શાળાએ જતા હતા તે દરમ્યાન કોલમ નં .(૨)માં જણાવેલ આ.નં.૧૦,૦૯ તથા કોલમ નં.(૧)માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે તથા કોલમ નં .(૨) માં જણાવેલ આ.નં.૧ થી ૮ નાઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી આવી જઈ કોલમ નં(૨) માં જણાવેલ આ.નં.૧ નાએ સાહેદ નં.૯ ના હાથ પકડી રાખી બીજા આરોપીએ છુટા હાથે મારામારી કરી ગડદાપાટુનો માર મારી સાહેદ નં.૧૦ આવી જતા આરોપીઓ તથા કોલમ નં.(૧)માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરનાઓ જતા રહેતા ફરી.તથા સાહેદ નં.૧૦,૧૧,૧૩ નાઓ કોલમ નં.(૨) માં જણાવેલ આ.નં.૧૦ ના ઘરે ઠપકો કરવા જતા આ.નં.૯,૨,૫ નાઓએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી **ઈ.પી.કો. કલમ: ૧૪૩,૧૪૭,૧ ૪૯,૩૫૪(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ ૧૨** વિગેરે મુજબનો મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શુ હુકમ ?

(૬) મારા ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ અનુસાર.

(૭) મારા ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

(૮) **મુદ્દા નં. ૧ :**

(૮).. ફરીયાદપક્ષે આ કામે પંચ સાહેદ ભુપતસિંહ બબસિંહ પરમાર ને આં ક:૦૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, આજ થી આશરે એક વર્ષ અગાઉ પોલીસે તેઓ ને મરડિયા સ્ટેડ પાસે આવેલ શ્રીમતી સી.એમ.સુથાર હાઇસ્કુલની બહાર બોલાવેલ. તે સમયે ત્યા પોલિસના માણસો તથા બિજા ઘણા માણસો હાજર હતા. સદર હુ જગ્યા એ મરડિયા ગામના સ્ટેન્ડ નજીક સુરપુર ગામ તરફ જતા પાકા ડામર રોડ પર આવેલ છે. સદર ગુનાવાળી જગ્યા ની પૂર્વ દિશામા મોડાસા થી શામળાજી જતો હાઇવે રોડ આવેલ છે તે હાઇવે રોડ છોડી આગળ વરથુ ગામ તરફ જતો પાકો ડામર રોડ આવેલ છે. સદર હુ જગ્યાની પશ્ચિમે રોડ છોડી ખેતર આવેલ છે. તેમજ ઉતરે ખેતર આવેલુ છે અને દક્ષિણે કેનાલ આવેલી છે. વિગેરે મતલબનું પંચનામું પોલીસે તેઓની હાજરી મા કરેલ અને ત્યાર બાદ તેઓએ તેમા સહી કરેલ.

તેઓ ને તારિખ ૧૯/૦૧/૨૦૨૪ ના રોજના પંચનામાની ખરી નકલ બતાવામાં આવે છે જેમા –પંચ નં. ૨ તરિકે કરેલ સહિઓ તેઓની છે.જેને તેઓ બતાવે છે ઓળખી બતાવે છે.જેને રજુ દાખલ આંક– ૦૯ આપવામા આવે છે.

(૮.૧) ફરીયાદપક્ષે આ કામે ફરિયાદી રમેશભાઈ કાંતિભાઈ મકવાણાને આં ક:૧૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવમા જયદિપસિંહ જિતેંદ્રસિંહ તથા સતિષસિંહ અરવિંદસિંહ તથા કાસ.કિનાઓ તેઓની ભાણેજ ભોગ બનનાર તથા તેઓની દિકરી અંનસુયાબા તથા તેઓની ભત્રિજી ગાયત્રીબા નાઓ જિતપુર મુકામે આવેલ સિ.એમ.સુથાર હાઈસ્કુલ ખાતે ભણતા હોય અને તેઓ શાળા છુટ્યા બાદ સ્કુલમાથી બહાર નિકળેલ તે વખતે આરોપી સતિષસિંહનાઓએ ભોગ બનનાર સાથે તથા તેઓની ભાણી તથા ભત્રિજી સાથે સામન્ય બોલાચાલી કરેલી બોલાચાલી થતા ઘરના તથા આજુબાજુ થી ઘણા બધા માણસો આવી ગયેલ અને જપાજપી થતા જયેંદ્રસિંહને શરીરે તથા માથાના ભાગે વાગી ગયેલુ તથા સુરેસસિંહ ને શરીરે મુઢમા વાગી ગયેલુ જેની સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર ટિંટોઈ મુકામે કરાવેલ. અને બનાવ બાબતે તેઓએ ટિંટોઈ પો.સ્ટેમા ફરીયાદ આપેલી તેઓ ને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે. જેને જોઈને કહે છે કે જે ફરીયાદમા કરેલી સહિ તેઓની છે . જેને તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક 14 આપવામા આવે છે. કા.સ.કીને જોયે ઓળખે છે. જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે.

ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને કોર્ટ સમક્ષ હોસ્ટાઈલ જાહેર કરેલ. વિ.એ.પી.પી.શ્રી મારફત ફરિયાદીની ઉલટ તપાસ કરવા છતા ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા નથી.

સદરહું પંચ સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી

તથા કા.સ.કીના હાથમા કોઈ હથીયાર હોય અને આરોપી તથા કા.સ.કી નાઓએ તેઓ ને માર મારેલ કે કોઈ ઈજાઓ પોહચાડેલ હોય કે તેઓને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે જપાજપીમા કઈક વાગી જતા જયેંદ્રસિંહ તથા સુરેશસિંહને ઈજાઓ થયેલ. એ વાત ખરી છે કે કાસ.કી તેમજ અન્ય આરોપીઓએ તેઓની સાથે સામન્ય બોલાચાલી કરેલી તે સિવાય બિજુ કરેલ નથી.

(૮.૨).. ફરીયાદપક્ષે આ કામે સાહેદ ભોગબનનારને આંક:૧૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવમા જયદિપસિંહ, જિતેંદ્રસિંહ તથા સતિષસિંહ અરવિંદસિંહ તથા કા.સ.કિનાઓ તેઓને તથા અન્સુયાબા તથા ગાયત્રીબા નાઓ જિતપુર મુકામે આવેલ સિ.એમ.સુથાર હાઈસ્કુલ ખાતે ભણતા હોય અને શાળા છુટ્યા બાદ સ્કુલ માથી બહાર નિકળેલ તે વખતે આરોપી સતિષસિંહનાઓએ તેઓની સાથે તથા અન્સુયાબા તથા ગાયત્રીબા સાથે સામન્ય બોલાચાલી કરેલી બોલાચાલી થતા તેઓના ઘરના તથા આજુબાજુ થી ઘણા બધા માણસો આવી ગયેલ અને જપાજપી થતા જયેંદ્રસિંહને શરીરે તથા માથાના ભાગે વાગી ગયેલુ તથા સુરેસસિંહ ને શરીરે મુઢમા વાગી ગયેલુ જેની સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર ટિંટોઈ મુકામે કરાવેલ. અને બનાવ બાબતે તેઓના મામાએ ટિંટોઇ પો.સ્ટેમા ફરીયાદ આપેલી. તપાસના કામે પોલીસે તેઓની પુછપરછ કરેલી. કા.સ.કીને જોયે ઓળખુ છુ જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે.

ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને કોર્ટ સમક્ષ હોસ્ટાઈલ જાહેર કરેલ.

વિ.એ.પી.પી.શ્રી મારફત ફરિયાદીની ઉલટ તપાસ કરવા છતા ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા નથી.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી તથા કા.સ.કીના હાથમા કોઈ હથીયાર હોય અને આરોપી તથા કા.સ.કી નાઓએ તેઓને માર મારેલ કે કોઈ ઈજાઓ પોહચાડેલ હોય કે તેઓને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે જપાજપીમા કઈક વાગી જતા જયેંદ્રસિંહ તથા સુરેશસિંહને ઈજાઓ થયેલ. એ વાત ખરી છે કે કાસ.કી તેમજ અન્ય આરોપીઓએ તેઓની સાથે સામન્ય બોલાચાલી કરેલી તે સિવાય બિજુ કરેલ નથી.

(૮.૩).. ફરીયાદપક્ષે આ કામે સાહેદ અનસુયાબા રમેશસિંહ સોલં કીનાઓને આંક:૧૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવમા જયદિપસિંહ, જિતેંદ્રસિંહ તથા સતિષસિંહ અરવિંદસિંહ તથા કા.સ.કિનાઓ ભોગ બનનાર તથા તેઓ તથા ગાયત્રીબા નાઓ જિતપુર મુકામે આવેલ સિ.એમ.સુથાર હાઈસ્કુલ ખાતે ભણતા હોય અને શાળા છુટ્યા બાદ સ્કુલ માથી બહાર નિકળેલ તે વખતે આરોપી સતિષસિંહનાઓએ ભોગબનનાર સાથે તથા તેઓને તથા ગાયત્રીબા સાથે સામન્ય બોલાચાલી કરેલી બોલાચાલી થતા તેઓના ઘરના તથા આજુબાજુ થી ઘણા બધા માણસો આવી ગયેલ અને જપાજપી થતા જયેંદ્રસિંહને શરીરે તથા માથાના ભાગે વાગી ગયેલુ તથા સુરેસસિંહને શરીરે મુઢમા વાગી ગયેલુ જેની સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર ટિંટોઈ મુકામે કરાવેલ. અને બનાવ બાબતે તેઓના પિતાએ ટિંટોઇ પો.સ્ટેમા ફરીયાદ

આપેલી. તપાસના કામે પોલીસે તેઓની પુછપરછ કરેલી. કા.સ.કીને જોચે ઓળખુ છુ જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે.

ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને કોર્ટ સમક્ષ હોસ્ટાઈલ જાહેર કરેલ. વિ.એ.પી.પી.શ્રી મારફત ફરિયાદીની ઉલટ તપાસ કરવા છતા ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા નથી.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી તથા કા.સ.કીના હાથમા કોઇ હથીચાર હોચ અને આરોપી તથા કા.સ.કી નાઓએ તેઓને માર મારેલ કે કોઇ ઈજાઓ પોહચાડેલ હોચ કે તેઓને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોચ તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે જપાજપીમા કઈક વાગી જતા જયેંદ્રસિંહ તથા સુરેશસિંહને ઈજાઓ થચેલ. એ વાત ખરી છે કે કાસ.કી તેમજ અન્ય આરોપીઓએ તેઓની સાથે સામન્ય બોલાચાલી કરેલી તે સિવાય બિજુ કરેલ નથી.

(૮.૪)..ફરીયાદપક્ષે આ સાહેદ સુરેશસિંહ બાપુસિંહ સોલંકીને આંક:૧૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવમા જયદિપસિંહ, જિતેંદ્રસિંહ તથા સતિષસિંહ અરવિંદસિંહ તથા કા.સ.કિનાઓ ભોગ બનનાર તથા ગાયત્રીબા તથા અન્સુયાબા નાઓ જિતપુર મુકામે આવેલ સિ.એમ.સુથાર હાઇસ્કુલ ખાતે ભણતા હોચ અને શાળા છુટ્યા બાદ સ્કુલ માથી બહાર નિકળેલ તે વખતે આરોપી

સતિષસિંહનાઓએ ભોગબનનાર સાથે તથા ગાયત્રીબા તથા અન્સુયાબા સાથે સામન્ય બોલાચાલી કરેલી બોલાચાલી થતા તેઓના ઘરના તથા આજુબાજુ થી ઘણા બધા માણસો આવી ગયેલ અને જપાજપી થતા જયેંદ્રસિંહને શરીરે તથા માથાના ભાગે વાગી ગયેલુ તથા તેઓ ને શરીરે મુઢમા વાગી ગયેલુ જેની સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર ટિંટોઈ મુકામે કરાવેલ. અને બનાવ બાબતે તેઓના ભાઈએ ટિંટોઇ પો.સ્ટેમા ફરીયાદ આપેલી. તપાસના કામે પોલીસે તેઓની પુછપરછ કરેલી. કા.સ.કીને જોયે ઓળખુ છુ જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે.

ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને કોર્ટ સમક્ષ હોસ્ટાઈલ જાહેર કરેલ. વિ.એ.પી.પી.શ્રી મારફત ફરિયાદીની ઉલટ તપાસ કરવા છતા ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા નથી.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, સતિશસિંહ તથા કાસ.કી તથા એ સિવાયના આરોપીઓએ એક સપ થઈ ગેર કાયદેસર મંડળી રચી આવી જઈ આરોપી હિતેંદ્રસિંહે જયેંદ્રસિંહ પકડી રાખી બિજા આરોપીઓએ છુટા હાથે મારા મારી કરી ગળદા પાટુનો માર મારેલ અને સાહેદ નરેશસિંહ આવી જતા તમામ આરોપીઓ તથા કાસ.અકી જતા રહેલા. ત્યારબાદ ફરીયાદી રમેશસિંહ તથા સાહેદ નરેશસિંહ, સુરેશસિંહ, વિરેંદ્રસિંહનાઓ આરોપી સતિષસિંહ ના ઘરે ઠપકો કરવા છતા આરોપી સતિષસિંહ, સૌરભસિંહ, રણજિતસિંહનાઓ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. એ વાત ખરી નથી કે કા.સ.કી સાથે સમાધાન થઈ ગયેલ હોય સોંગદ પર ખોટી જુબાની આપુ છુ.

(૮.૫)..ફરીયાદપક્ષે આ કામે સાહેદ નરેશસિંહ શંકરસિંહ સોલંકીને આંક:૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવમા જયદિપસિંહ, જિતેંદ્રસિંહ તથા સતિષસિંહ અરવિંદસિંહ તથા કા.સ.કિનાઓ ભોગ બનનાર તથા ગાયત્રીબા તથા અન્સુયાબા નાઓ જિતપુર મુકામે આવેલ સિ.એમ.સુથાર હાઈસ્કુલ ખાતે ભણતા હોય અને શાળા છુટ્યા બાદ સ્કુલ માથી બહાર નિકળેલ તે વખતે આરોપી સતિષસિંહનાઓએ ભોગબનનાર સાથે તથા ગાયત્રીબા તથા અન્સુયાબા સાથે સામન્ય બોલાચાલી કરેલી બોલાચાલી થતા તેઓના ઘરના તથા આજુબાજુ થી ઘણા બધા માણસો આવી ગયેલ અને જપાજપી થતા જયેંદ્રસિંહના શરીરે તથા માથાના ભાગે વાગી ગયેલુ તથા સુરેસસિંહ ને શરીરે મુઢમા વાગી ગયેલુ જેની સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર ટિંટોઈ મુકામે કરાવેલ. અને બનાવ બાબતે તેઓના ભાઈ ટિંટોઇ પો.સ્ટેમા ફરીયાદ આપેલી. તપાસના કામે પોલીસે તેઓની પુછપરછ કરેલી. કા.સ.કીને જોયે ઓળખુ છુ જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર થઇ જણાવેલ.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે તેઓએ તેઓની પોલિસ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ છે કે – આરોપી સતિષસિંહ તથા આરોપી જયદિપસિંહ તથા કાસકિનાઓ સી.એમ. સુથાર હાઈસ્કુલના કમ્પાઉંડ બહાર આવેલા અને ભોગબનનાર સગિર વયની હોવાનુ જાણવા છતા ભોગબનનારનો હાથ પકડી તુ મારી સાથે ચાલ તેમ કહી તુ મારી સાથે બોલ તેમ કહી છેડતી કરી. જાતીય સતામણી કરેલ.અને તે વખતે સાહેદ જયેંદ્રસિંહ નાઓ ભોગબનનાર તથા અન્સુયાબા તથા ગાયત્રી બાને શાળાએ લેવા આવતા તેઓએ બનાવ અંગેની વાત કરતા તેઓએ આરોપી

સતિષસિંહનાઓને ઠપકો કરતા આરોપી સતિષસિંહ નાઓ ઉશ્કેરાઈ જઈ આરોપી જયદિપસિંહ નાઓએ જયેંદ્રસિંહ પકડી રાખી આરોપી સતિષસિંહનાએ તેના હાથમા નું કડુ જયેંદ્રસિંહને માથાના તથા કપાડના ભાગે મારી ઈજા કરેલ. અને કાસ.કીના એ જયેદ્રસિંહને છુટા હાથે મારા મારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલા. ત્યારબાદ આ બનાવની જાણ સાહેદ અન્સુયાબાએ તેઓને કરતા તેઓ શાળા જતા તે સમયે આરોપી જયદિપસિંહ તથા સતિષસિંહ તથા કાસ.કી તથા એ સિવાયના આરોપીઓએ એક સપ થઈ ગેર કાયદેસર મંડળી રચી આવી જઈ આરોપી હિતેંદ્રસિંહે જયેંદ્રસિંહને પકડી રાખી બિજા આરોપીઓએ છુટા હાથે મારા મારી કરી ગળદા પાટુનો માર મારેલ અને તેઓ આવી જતા તમામ આરોપીઓ તથા કાસ.કી જતા રહેલા. ત્યારબાદ ફરીયાદી રમેશસિંહ તથા તેઓ તથા સુરેશસિંહ , વિરેંદ્રસિંહનાઓ આરોપી સતિષસિંહ ના ઘરે ઠપકો કરવા છતા આરોપી સતિષસિંહ, સૌરભસિંહ, રણજિતસિંહનાઓ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ.એ વાત ખરી નથી કે કા.સ.કી સાથે સમાધાન થઈ ગયેલ હોય સોંગદ પર ખોટી જુબાની આપુ છુ.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી તથા કા.સ.કીના હાથમા કોઇ હથીયાર હોય અને આરોપી તથા કા.સ.કી નાઓએ તેઓને માર મારેલ કે કોઈ ઈજાઓ પોહચાડેલ હોય કે તેઓને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે જપાજપીમા કઈક વાગી જતા જયેંદ્રસિંહ તથા સુરેશસિંહને ઈજાઓ થયેલ. એ વાત ખરી છે કે કાસ,કી તેમજ અન્ય આરોપીઓએ તેઓની સાથે સામન્ય બોલાચાલી કરેલી તે સિવાય બિજુ કરેલ નથી.

(૮.૬)..ફરીયાદપક્ષે આ કામે સાહેદ જયેન્દ્રસિંહ રમેશસિંહ સોલંકીને આં ક: ૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો બનાવમા જયદિપસિંહ, જિતેંદ્રસિંહ તથા સતિષસિંહ અરવિંદસિંહ તથા કા.સ.કિનાઓ ભોગ બનનાર તથા ગાયત્રીબા તથા અન્સુયાબા નાઓ જિતપુર મુકામે આવેલ સિ.એમ.સુથાર હાઇસ્કુલ ખાતે ભણતા હોય અને શાળા છુટ્યા બાદ સ્કુલમાથી બહાર નિકળેલ તે વખતે આરોપી સતિષસિંહનાઓએ ભોગબનનાર સાથે તથા ગાયત્રીબા તથા અન્સુયાબા સાથે સામન્ય બોલાચાલી કરેલી બોલાચાલી થતા તેઓના ઘરના તથા આજુબાજુ થી ઘણા બધા માણસો આવી ગયેલ અને જપાજપી થતા તેઓ ને શરીરે તથા માથાના ભાગે વાગી ગયેલુ તથા સુરેસસિંહ ને શરીરે મુઢમા વાગી ગયેલુ જેની સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર ટિંટોઈ મુકામે કરાવેલ. અને બનાવ બાબતે તેઓના પિતાએ ટિંટોઇ પો.સ્ટેમા ફરીયાદ આપેલી તપાસના કામે પોલીસે તેઓની પુછપરછ કરેલી કા.સ.કીને જોયે ઓળખુ છુ જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર થઇ જણાવેલ.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે તેઓએ તેઓની પોલિસ રુબરુના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે " આરોપી સતિષસિંહ તથા આરોપી જયદિપસિંહ તથા કાસ.કિ નાઓ સી.એમ.સુથાર હાઇસ્કુલના કમ્પાઉન્ડ બહાર આવેલા અને ભોગબનનાર સગિર વયની હોવાનુ જાણવા છતા ભોગબનનારનો હાથ પકડી તુ મારી સાથે ચાલ તેમ કહી તુ મારી સાથે બોલ તેમ કહી છેડતી કરી. જાતીય સતામણી કરેલ.અને તે વખતે તેઓ ભોગબનનાર તથા અન્સુયાબા તથા ગાયત્રીબાને શાળાએ લેવા આવતા તેઓએ બનાવ અંગેની વાત કરતા તેઓ એ

આરોપી સતિષસિંહનાઓને ઠપકો કરતા આરોપી સતિષસિંહ નાઓ ઉશ્કેરાઈ જઈ આરોપી જયદિપસિંહ નાઓએ તેઓને પકડી રાખી આરોપી સતિષસિંહનાએ તેના હાથમા નુ કડુ તેઓને માથાના તથા કપાડના ભાગે મારી ઈજા કરેલ. અને કાસ.કીના એ તેઓને છુટા હાથે મારા મારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલા. ત્યારબાદ આ બનાવની જાણ સાહેદ અન્સુયાબાએ સાહેદ નરેશસિંહને કરતા સાહેદ નરેશસિંહ શાળા જતા તે સમયે આરોપી જયદિપસિંહ તથા સતિશસિંહ તથા કાસ.કી તથા એ સિવાયના આરોપીઓએ એક સપ થઈ ગેર કાયદેસર મંડળી રચી આવી જઈ આરોપી હિતેંદ્રસિંહે તેઓને પકડી રાખી બિજા આરોપીઓએ છુટા હાથે મારા મારી કરી ગળદા પાટૂનો માર મારેલ અને સાહેદ નરેશસિંહ આવી જતા તમામ આરોપીઓ તથા કા.સ.કી જતા રહેલા. ત્યારબાદ ફરીયાદી રમેશસિંહ તથા સાહેદ નરેશસિંહ સુરેશસિંહ, વિરેંદ્રસિંહનાઓ આરોપી સતિષસિંહ ના ઘરે ઠપકો કરવા છતા આરોપી સતિષસિંહ, સૌરભસિંહ , રણજિતસિંહનાઓ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ.એ વાત ખરી નથી કે કા.સ.કી સાથે સમાધાન થઈ ગયેલ હોય સોંગદ પર ખોટી જુબાની આપુ છુ.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી તથા કા.સ.કીના હાથમા કોઇ હથીયાર હોય અને આરોપી તથા કા સ કી નાઓએ તેઓને માર મારેલ કે કોઇ ઈજાઓ પોહચાડેલ હોય કે તેઓ ને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે જપાજપીમાં કઇક વાગી જતા તેઓ ને તથા સુરેશસિંહને ઈજાઓ થયેલ. એ વાત ખરી છે કે કાસ.કી તેમજ અન્ય

આરોપીઓએ તેઓ ની સાથે સામન્ય બોલાચાલી કરેલી તે સિવાય બિજુ કરેલ નથી.

(૮.૭)..ફરીયાદપક્ષે આ કામે સાહેદ ગાયત્રીબા જશવંતસિંહ સોલંકીને આંક: ૨૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવમા જયદિપસિંહ, જિતેંદ્રસિંહ તથા સતિષસિંહ અરવિંદસિંહ તથા કા.સ.કિનાઓ ભોગ બનનાર તથા તેઓ તથા અન્સુયાબા નાઓ જિતપુર મુકામે આવેલ સિ.એમ.સુથાર હાઇસ્કુલ ખાતે ભણતા હોય અને શાળા છુટ્યા બાદ સ્કુલ માથી બહાર નિકળેલ તે વખતે આરોપી સતિષસિંહનાઓએ ભોગબનનાર સાથે તથા તેઓને તથા અન્સુયાબા સાથે સામન્ય બોલાચાલી કરેલી બોલાચાલી થતા તેઓના ઘરના તથા આજુબાજુ થી ઘણા બધા માણસો આવી ગયેલ અને જપાજપી થતા જયેંદ્રસિંહને શરીરે તથા માથાના ભાગે વાગી ગયેલુ તથા સુરેસસિંહ ને શરીરે મુઢમા વાગી ગયેલુ જેની સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર ટિંટોઈ મુકામે કરાવેલ. અને બનાવ બાબતે તેઓના કાકાએ ટિંટોઇ પો.સ્ટેમા ફરીયાદ આપેલી. તપાસના કામે પોલીસે તેઓની પુછપરછ કરેલી. કા.સ.કીને જોયે ઓળખુ છુ જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર થઇ જણાવેલ.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે તેઓએ તેઓની પોલિસ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ છે કે " આરોપી સતિષસિંહ તથા આરોપી જયદિપસિંહ તથા કાસ.કિ નાઓ સી.એમ.સુથાર હાઇસ્કુલના કમ્પાઉંડ બહાર આવેલા અને ભોગબનનાર સગિર વયની હોવાનુ જાણવા છતા ભોગબનનાર્નો હાથ પકડી તુ મારી સાથે ચાલ તેમ કહી તુ મારી સાથે બોલ તેમ કહી છેડતી કરી. જાતીય સતામણી કરેલ અને તે વખતે

સાહેદ જયેંદ્રસિંહ નાઓ ભોગબનનાર તથા તેઓ ને તથા ગાયત્રી બાને શાળાએ લેવા આવતા તેઓ એ બનાવ અંગેની વાત કરતા સાહેદ જયેંદ્રસિંહ નાઓએ આરોપી સતિષસિંહનાઓને ઠપકો કરતા આરોપી સતિષસિંહ નાઓ ઉશ્કેરાઈ જઈ આરોપી જયદિપસિંહ નાઓએ સાહેદ જયેંદ્રસિંહ ને પકડી રાખી આરોપી સતિષસિંહનાએ તેના હાથમા નુ કડુ સાહેદ જયેંદ્રસિંહ ને માથાના તથા કપાડના ભાગે મારી ઈજા કરેલ. અને કાસ. કીના એ સાહેદ જયેંદ્રસિંહ નાને છુટા હાથે મારા મારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલા. ત્યારબાદ આ બનાવની જાણ અન્સુયાબાએ સાહેદ નરેશસિંહને કરતા સાહેદ નરેશસિંહ શાળા જતા તે સમયે આરોપી જયદિપસિંહ તથા સતિષસિંહ તથા કાસ.કી તથા એ સિવાયના આરોપીઓએ એક સપ થઈ ગેર કાયદેસર મંડળી રચી આવી જઈ આરોપી હિતેંદ્રસિંહે સાહેદ જયેંદ્રસિંહને પકડી રાખી બિજા આરોપીઓએ છુટા હાથે મારા મારી કરી ગળદા પાટુનો માર મારેલ અને સાહેદ નરેશસિંહ આવી જતા તમામ આરોપીઓ તથા કાસ.અકી જતા રહેલા. ત્યારબાદ ફરીયાદી રમેશસિંહ તથા સાહેદ નરેશસિંહ, સુરેશસિંહ, વિરેંદ્રસિંહનાઓ આરોપી સતિષસિંહ ના ઘરે ઠપકો કરવા છતા આરોપી સતિષસિંહ, સૌરભસિંહ, રણજિતસિંહનાઓ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ.એ વાત ખરી નથી કે કા.સ.કી સાથે સમાધાન થઈ ગયેલ હોય સોંગદ પર ખોટી જુબાની આપુ છુ.

સદરહું સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી તથા કા.સ.કીના હાથમા કોઈ હથીયાર હોય અને આરોપી તથા કા.સ.કી નાઓએ તેઓ ને માર મારેલ કે કોઈ ઈજાઓ પોહચાડેલ હોય કે તેઓ ને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે જપાજપીમાં કઈક વાગી જતા

જયેંદ્રસિંહ તથા સુરેશસિંહને ઈજાઓ થયેલ. એ વાત ખરી છે કે કાસ.કી તેમજ અન્ય આરોપીઓએ મારી સાથે સામન્ય બોલાચાલી કરેલી તે સિવાય બિજુ કરેલ નથી.

**(ક) ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.**

અ ા કામના કા.સ.અ ા.બાળકો વિરુદ્ધ ઈ.પી.કો. કલમ: ૧૪૩, ૧૪૭, ૧૪૮ મુજબનો ગુનો નોંધાયેલ છે. જે અન્વયે જો કોઈ વ્યક્તિ કાયદા વિરુદ્ધની મંડળીનો સભ્ય હોય તેમજ જો કોઈ વ્યક્તિ હુલ્લડ કરવા માટે દોષિત હોય તેમજ પ્રાણઘાતક હથિયારથી અથવા અ ાક્રમક હથિયાર તરીકે વાપરતા જેનાથી મૃત્યુ થવાનુ સંભવ હોય અ ેવી કોઈ વસ્તુથી પોતે સજ્જ થયેલી હોય અને હુલ્લડ કરવા માટે સજાની જોગવાઈ કરવામાં અ ાવેલ.

(ખ) **ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.**

૧) આરોપીએ શારિરીક પીડા, રોગ અથવા અશક્તિ નીપજાવેલ છે.

૨) આવુ કુત્ય આરોપીએ વ્યથા કરવના ઈરાદે અથવા વ્યથા કરવાનું સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતુ.

(ગ) **તેવી જ રીતે ઈ.પી.કો.કલમ–૫૦૪ નો ગુનો બનવા માટે નીચે મુજબના ત્રણ ઘટકો પુરવાર થવા જરૂરી છે**.

૧) આરોપીએ ભોગ બનનારનું ઈરાદાપૂર્વક અપમાન કરેલ હોવું જોઈએ.

૨) આરોપીએ કરેલ ભોગ બનનારનો આવો અનાદર ભોગ બનનારને ઉશ્કેરે તેવા પ્રકારનો હોવો જોઇએ.

૩) આરોપીએ આપેલ આવો ઉશ્કેરાટ ભોગ બનનાર સુલેહશાંતિનો ભંગ કરશે અગર તો અન્ય કોઇ ગુનો કરશે તેવા ઈરાદા અને ગ્નાન સાથે કરેલ હોવા જોઇએ.

ઉપરોક્ત ત્રણેય તત્વોમાંથી એક પણ તત્વો ગેરહાજર હોય તો કલમ–૫૦૪ અનુસારનો ગુનો આરોપીએ કરેલ છે તેમ કહી શકાય નહી. નામદાર સર્વોચ્ચ અદાલતે Jodh Singh Vs. State of UP [ 1991 CrL 3226 ] ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ઈ.પી.કો. કલમ–૫૦૪ નો ગુનો પુરવાર થવા માટે ત્રણ આવશ્યકતાઓ જરૂરી જણાવેલ છે, (પ્રથમ) આરોપી ભોગ બનનારનું અપમાન કરે, (બીજું) આ અપમાન એવા પ્રકારનું હોય કે જેથી ભોગ બનનાર ઉશ્કેરાય, (ત્રીજું) આવું અપમાન આરોપી દ્ધારા એવા ઈરાદાથી કરવામાં આવેલ હોય કે જેથી ભોગ બનનાર સુલેહશાંતિનો ભંગ કરે અથવા તો કોઈ ગુનો કરવા પ્રેરાય. આ ત્રણેય તત્વો સાબિત થાય તો ઈ.પી.કો.કલમ–૫૦૪ મુજબનો ગુનો બનેલ છે તેવું ગણાય તેમ નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે.

(ઘ) **ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬ મુજબનો ગુનો બનવા માટે નીચે મુજબના બે ઘટકો પુરવાર થવા જરૂરી છે.**

૧) આરોપીએ ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુન બધ્ધ ન હોય તેવું કરવા માટે અથવા જે કાનુનબધ્ધ હોય તે ન કરવા માટેનો ઈરાદો ધરાવતા હોય

૨) તેવા ઈરાદાથી ફરિયાદીને ધમકી આપી હોય અથવા મહાવ્યથા પહોંચાડવાની કે મ્રુત્યુ નિપજાવવાની કે કોઇ મિલ્કતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષની

સજાને પાત્ર ગુનો કરવા અંગે અથવા સ્ત્રી ઉપર ચારિત્ર્ય હિનતાના આક્ષેપની એટલે કે ગુનાહિત ધમકી આપી હોય.

આમ, ઉપરોકત વ્યાખ્યાને ધ્યાને લેતાં આરોપીએ આપેલ ધમકી ગુનાહીત માનસ રાખીને આપવામાં આવેલી તે ફરીયાદ પક્ષે સાબિત કરવું અનિવાર્ય બને છે કારણ કે, આવી ગુનાહીત ધમકી આપવા માટે આરોપીનું ચોક્કસ ગુનાહીત માનસ હોવુ જોઈએ.આ ઉપરાંત, આવી ગુનાહીત ધમકીની અસર પણ ભોગ બનનારને થયેલ હોવાનુ ફરીયાદ પક્ષે સાબિત કરવાનું રહે છે. જો આરોપી દ્વારા આપવામાં આવેલ ગુનાહીત ધમકીના પરીણામે ભોગ બનનારના મનમાં કોઈ પ્રકારે ભય ઉત્પન્ન થયેલ ન હોય અગર તો આરોપી તેવો ગુનો કરશે તે અંગે કોઈ શક્યતા ન હોય તો તેવા સંજોગોમાં ઈ.પી.કો.કલમ:૫૦૬(૨) અનુસારનો ગુનો બને તેમ માની શકાય નહી. તેમજ ફરીયાદ પક્ષે તમામ સાહેદોના અને ફરીયાદી ફરીયાદની હકીકતોને સમર્થન નકરતા ફરી ગયેલ જાહેર કરવા છતાં સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ નીશંક પણે સાબીત કરવામાં નીષ્ફળ નીવડેલ છે.

(૦૯).. આમ,સદર કામે ઉપરોકત ફરીયાદી અને અન્ય સાહેદે તેમની જુબાની દરમ્યાન આ કામે ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતોથી વિપરીત અને વિરુધ્ધ પ્રકારની હકીકતો જણાવેલ છે. અલબત , સદર ફરીયાદીએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન આરોપીએ આક્ષેપીત ગુન્હો આચરેલ હોવાની હકીકતનો સ્પષ્ટ પણે ઈન્કાર કરેલ છે . વધુમા કામે આરોપી **ઈ.પી.કો. કલમ: ૧૪૩,૧૪૭,૧૪૯,૩૫૪(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ ૧૨**

વિગેરે મુજબના ગુન્હાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આ ગુનાની જોગવાઈમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફલીત થાય તેવી હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. પરંતુ આ કામે મહત્વના ગણી શકાય તેવા સાહેદ કે જેઓ ફરીયાદી  છે તેઓએ ફરીયાદ કે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી. તદઉપરાંત , ફરીયાદપક્ષે રજુ  ફરીયાદની  હકીકતો એ સમર્થનકારક પ્રકારના ગણી શકાય તેવા પુરાવાઓ છે. આ કામે જયારે પ્રત્યક્ષ કહી શકાય તેવા મહત્વના પુરાવામાં આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત તહોમત માહેની હકીકતોનો ઈન્કાર કરતી હકીકતો ફલીત થયેલ છે. ત્યારે સદરહું દસ્તાવેજી પુરાવાઓથી કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે તેમ માનવાને કારણ ઉપસ્થિત થતુ નથી. આમ, ફરીયાદીપક્ષે રજુ તમામ પુરાવાકીય હકીકતો તપાસતા આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો ફલીત થતા હોય તેવી પુરાવાકીય હકીકતો ન રજુ થયેલ હોવાથી આરોપીને **ઈ.પી.કો. કલમ: ૧૪૩,૧૪૭,૧૪૯,૩૫૪(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ ૧૨** વિગેરે મુજબના ગુના પૈકી કોઈ ગુનામાં તકસીરવાન ઠરાવવા પાત્ર જણાઈ આવતુ નથી. આમ, આ કામેના પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શં કપણે સાબીત કરવામાં  નિષ્ફળ નિવડેલ હોઈ , મુદ્દા નંબર-૧ ''નકારમાં '' નિર્ણીત કરી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**-:: આખરી હુકમ ::-**

**બાળ કેસ નં.૬૭/૨૦૨૪**

(૧) આ કામના કા.સં.આ.બાળક....... યોગેશ (જુવેનાઇલની ઓળખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.) **ઈ.પી.કો. કલમ: ૧૪૩,૧૪૭,૧૪૯,૩૫૪(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ ૧૨** મુજબના ગુન્હાના કામે ક્રિ.પ્રો.કોડ ની કલમ-૨૪૮(૧)ની જોગવાઇઓ અનુસાર નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) જુવેનાઇલ તરફે કરી આપેલ જાત મુચરકા અને જામીનાએ કરી આપેલ જામીન ખત રદ કરવામાં આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહે તે રીતે છ માસ માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ અન્વયે જાત મુચરકા અને જામીન ખત ચાલુ રાખવામાં આવે છે.

(૩) સદર કામે રજુ મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા ૨૪, માહે: એપ્રિલ, સને.: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મોડાસા .
તા. ૨૪-૦૪-૨૦૨૬

(એસ.આર.શર્મા)

પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ,
જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,
મોડાસા .
જજ કોડ . **No.GJ**-01571